મહત્તમ : ૨૬.૦ ડીગ્રી
લઘુતમ : ૭.૩ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૫૫ ટકા

ગાંધીનગર તાપમાન



## કલોલમાં સમર્થમતી માતાજી તથા આર્યિકા શ્રી ૧૦૫ શ્રી સાર્થકમતી માતાજીનો રવિવારે મંગલ પ્રવેશ

શ્રી આદિનાથ દિગંબર જૈન મંદિર કલોલમાં આર્યિકા શ્રી ૧૦૫ સમર્થમતી માતાજી તથા આર્યિકા શ્રી ૧૦૫ શ્રી સાર્થકમતી માતાજીનો રવિવારે મંગલ પ્રવેશ થયો. કલોલમાં માતાજીના સાનિધ્યમાં રોજ સાંજે ૭ થી ૮ આરતી, આનંદયાત્રા અને ભક્તિ જેવા કાર્યક્રમ રાખવામાં આવેલ છે તો સમાજના ભાઈ-બહેનોને ધર્મ લાભ લેવા જણાવવામાં આવેલ છે.

## શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજ્યકક્ષા બિન અનામત વિભાગની બેઠક યોજાઈ



ગાંધીનગર, તા. ૯

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજ્યકક્ષા બિન અનામત વિભાગની બેઠક ભરતભાઈ રાવલના અધ્યક્ષસ્થાને યોજવામાં આવી હતી.

રાજ્યકક્ષા તરફથી પ્રમુખ ભરતભાઈ રાવલ, મહામંત્રી અમિતભાઈ દવે, મુખ્ય સંગઠન અશ્વિનભાઈ ત્રિવેદી, મીડિયા કન્વીનર દિનેશ રાવલ, આઈટી વિભાગના પ્રમુખ અતુલભાઈ જોશી તેમજ યુવા અગ્રણી અક્ષય ત્રિવેદી, બીમલ મહેતા, કૃણાલ દીક્ષિત ઉપસ્થિત રહ્યા હતા.

સરકારી યોજના અમલીકરણ વિભાગ (બિન અનામત વિભાગમાંથી) પ્રભારી અતુલભાઈ દીક્ષિત, અધ્યક્ષ કાનનબેન દવે, મહામંત્રી મુકેશભાઈ રાવલ, મહામંત્રી શ્રીમતી શીતલબેન ભટ્ટ, ઉપાધ્યક્ષ આરતીબેન જાની ઉપસ્થિત રહ્યા હતા.

સરકારી યોજના અમલીકરણ વિભાગના પ્રભારી અતુલભાઈ દીક્ષિતના બ્રહ્મ સમાજના ઉત્થાન માટેના નીતિવિષયક સૂચનો કરવામાં આવ્યા હતા. મામલતદાર ઓફિસ જઈ બિન અનામત વર્ગનો જાતિગત દાખલો (પ્રમાણપત્ર) દરેકે જ્ઞાતિજને મેળવી લેવાનો રહેશે.

ગુજરાતના દરેક જિલ્લાના પ્રમુખોને તેમજ સ્વ. સંસ્થા સાથે સંલગ્ન સંસ્થાઓને દરેક સ્વ. સંસ્થાના વિભાગોને સોશિયલ મીડિયા દ્વારા જાણ કરવામાં આવી છે કે આજથી એક માસની અંદર ઉપરોક્ત પ્રમાણપત્ર મેળવી લેવાનું રહેશે.

જો ઉપરોક્ત પ્રમાણપત્ર દરેક બ્રાહ્મણ પરિવાર પોતાની જવાબદારી સમજીને નોંધાવી અને લઈ લેશે તો તે બ્રહ્મસમાજનો સહયોગી બની રહેશે. કાયદાકીય રીતે ખૂબ જરૂરી હોવાથી ઉપરોક્ત સૂચના આપવામાં આવી છે જેનો અમલ દરેક જિલ્લા અને વિભાગના પ્રમુખોએ, પ્રભારી અને ઝોન પ્રભારીએ કરવાનો/કરાવવાનો રહેશે એમ અશ્વિન ત્રિવેદીએ જણાવ્યુ હતુ.

પ્રમુખ ભરતબાઈ રાવલ તરફથી વિનમ્ર સૂચન કરવામાં આવ્યું છે કે ઉપરોક્ત વિષયની આપ સર્વેને સોશિયલ મીડિયા દ્વારા જાણ કરવામાં આવી છે જેને લઈ કાર્યવાહી કરવી.


# ન્યુ વાવોલમાંથી પસાર થતી કાંસમાં ગંદકીથી દુર્ગંધનું સામ્રાજ્ય

**દૂષિત પાણીની ગંદકીના કારણે માખી-મચ્છરોનો ઉપદ્રવ વધતાં રોગચાળાનો ખતરો : કાંસમાં ગેરકાયદેસર રીતે ગટરનું દૂષિત પાણી છોડાતું હોવાની શંકા**

ગાંધીનગર તા.૯

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ વાવોલ ખાતે ગંદકી ઉડીને આંખે વળગે છે એટલું જ નહીં પરંતુ કેટલેક સ્થળે તો ગંદકીથી સર્જાતી દુર્ગંધથી પણ સમગ્ર વિસ્તારના રહીશો ત્રાહીમામ પોકારી જાય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. ન્યુ વાવોલના ઉવારસદ રોડ વિસ્તારમાંથી પસાર થતી વરસાદી પાણીના નિકાલની કાંસમાં ભરાયેલા દૂષિત પાણીના કારણે આસપાસના રહેણાંક વિસ્તારમાં દુર્ગંધનું સામ્રાજ્ય ફેલાયું છે જેના કારણે આ વિસ્તારના રહીશો ત્રસ્ત થઈ ચુક્યાં છે.

ગાંધીનગરના ન્યુ વાવોલ વિસ્તારમાંથી પસાર થતી વરસાદી પાણીના નિકાલ માટેની કાચા તળિયાવાળી કેનાલ જેવી કાંસ સમગ્ર વર્ષ દરમ્યાન ચોમાસા સિવાય મોટેભાગે સૂકી રહેતી હોય છે. જોકે અત્યારે શિયાળાની ઋતુ હોવા છતાં આશ્ચર્યજનક રીતે ચોમાસામાં પણ સંપૂર્ણ રીતે વહેતી ના હોય તેવી આ કાંસમાં દૂષિત પાણીનો ભરપૂર ભરાવો થયો છે અને આ પાણીનો આગળ ક્યાંય નિકાલ થવાની જગ્યા ના હોવાથી બંધિયાર દૂષિત પાણીમાં અનેક પ્રકારની વનસ્પતિ અને ગંદકીથી કાદવ કીચડ સાથે અત્યંત દુર્ગંધનો માહોલ છવાઈ રહ્યો છે. વળી આ ગંદકીમાં માખી- મચ્છર જેવા રોગજન્ય જીવાણુઓનો ઉપદ્રવ વધી જવાથી કાંસની નજીકના વિકસેલા ફલેટ તથા અન્ય રહેણાંક સોસાયટીઓ જેવી કે સમર્પણ પાર્ક સોસાયટી, શ્રીજી વિલા, સિદ્ધાર્થ હોમ્સ, સંકલ રેસિડેન્સી વગેરેના રહીશોને અત્યંત દુર્ગંધ સહન કરવી પડી રહી છે તેમજ તેમના આરોગ્ય પર પણ ખતરો મંડરાઈ રહ્યો છે. સત્વરે કાંસમાં ફેલાયેલી ગંદકીનો નિકાલ કરાય અને કાંસમાં જો ગેરકાયદેસર ગટર કનેકશનો કર્યા હોય તો તેને બંધ કરાવી જવાબદાર તત્ત્વો સામે પગલાં ભરાય તેવી આ વિસ્તારની જનતામાં માંગ પ્રવર્તી રહી છે.



### ભરશિયાળે કાંસમાં આટલું બધું પાણી આવે છે ક્યાંથી?

ન્યુ વાવોલ વિસ્તારના કેટલાંક સ્થાનિકોને એવી પણ શંકા છે કે કેટલાંક બિલ્ડરો દ્વારા રહેણાંકની સ્કીમોના તેમજ તેમના શ્રમિકો માટે ઉભા કરાયેલા હંગામી રહેઠાણોના ગટરના પાણીના નિકાલની પાઈપલાઈનનું કનેક્શન આ કાંસમાં આપી દીધું હોઈ શકે છે જેના કારણે ભરશિયાળે પણ આ કાંસમાં આટલું બધું દૂષિત પાણી વહી રહ્યું છે. કેશવ પાર્ક સામેના ભાગમાં જ્યાં જે કાંસ લગભગ સુકી જોવા મળે છે તે કાંસ તુલસી બંગલો, એન-૫૪, હોસ્ટેલ ઉપરાંત નવી વિકસેલી સૂરજ-૪૮ સહિત અનેક રહેણાંક સોસાયટીઓના પાછળના ભાગેથી પસાર થાય છે જ્યાં નવી અસંખ્ય રહેણાંક સકીમોના નિર્માણ કાર્ય ચાલુ હોવાથી આ વિસ્તારમાં ખૂબ મોટી સંખ્યામાં શ્રમિક પરિવારો હંગામી વસવાટ કરી રહ્યાં છે.

## રેડક્રોસ સોસાયટીનું ૧૫૬ જરૂરિયાતમંદ મહિલાઓને હાઈજેનિક કીટ વિતરણ




ગાંધીનગર, તા.૯

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી રાજ્ય શાખાના સહયોગથી ગાંધીનગર જીલ્લા રેડક્રોસ દ્વારા તા. ૭મી જાન્યુઆરીના રોજ બપોરે ૨.૩૦ કલાકે કોમ્યુનિટી હોલ સેક્ટર-૭ ખાતે હાઈજેનિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. તે ગાંધીનગરની આંગણવાડીની આશાવર્કર અને તેડાગર બહેનો ૬૪, અંધશાળા દિકરીઓ ૨૨, મંદબુદ્ધિની બાળાઓ ૧૧, ડમ્પીંગ સાઈટની કાગળ વિણતી બહેનો ૩૪, મુક્તિધામ સ્ટાફ બહેનો ૧૧, સાયન્સ અને કોમર્સ કોલેજની ૧૪ મહિલાઓને ગાંધીનગરના પૂર્વ મેયર રીટાબેન પટેલ, આઈસીડીએસ અધિકારી જીનલબેન, બક્ષીપંચ સેલ ગુજરાતના કન્વીવર હેમરાજ પાડલીયા અને રેડક્રોસની મહિલાઓ કલ્પનાબેન ધોળૂ, પૂજાબેન પેશવાની, હર્ષાબા ધાંધલ, ડૉ. એકતાબેન પટેલ, ડૉ. ઉમેશ તરપદા, ચંદુભાઈ કિશોર, નિર્લેદુભાઈ વોરા, હેમાંગ દોશી અને કુંતલ નિમાવતના હસ્તે વિતરણ કરવામાં આવી હતી.



સેક્ટર-૪-એ ખાતે ભારતીબાપુના વ્યાસાસને ચાલી રહેલ ભાગવત કથામાં આજે ગાંધીનગરના મેયર હિતેષભાઈ મકવાણા, કોર્પોરેટર રાજેશભાઈ પટેલ સાથે છાયાબેન ત્રિવેદી અને અગ્રણી મેહુલભાઈ પટેલે હાજરી આપી હતી સાથે કથાકાર કનૈયાલાલ મહારાજ પણ કથાના દર્શનનો લાભ લીધો હતો.



કુડાસણમાં હરિ હાઈટ્સ સોસાયટીમાં ઉત્તરાયણ નિમિત્તે કૂતરાઓ માટે લાડુ બનાવીને પુણ્યનું કામ કરેલ છે.

## જન્મદિને વધામણી



મનીષભાઈ જાદવ



પરસોત્તમ પી. પરમાર



રીધમ જે શાહ
મો. ૯૯૭૮૯ ૪૯૧૪૧



ભાવેશ જી સાગર
મો. ૯૦૩૩૫ ૦૩૨૨૧



પ્રિયંકા સી. મેસરિયા
મો. ૯૬૨૪૬ ૧૮૩૮૯



શ્રેયા એસ. દેસાઈ



વિજય ઠાકોર
મો. ૮૭૮૦૦૦૪૧૧૫



મોહનલાલ શંકરલાલ પારેખ
ફોન : ૨૩૨૨૧૪૩૫

## સચિવાલય પ્રિમિયર લીગ સીઝન-૨ માં ઈન્વિસીબલ ઈરીગેશન ટીમ ફરી વિજેતા

**રોમાંચક ફાઇનલ મેચમાં રેવન્યુ રીબેલિયન્સને ૧૨ રને હરાવ્યું : મેયર, ડે.મેયર, ભાજપના શહેર પ્રમુખ અને ઉપપ્રમુખ ઉપસ્થિત રહ્યાં**



ગાંધીનગર, તા. ૯

શહેરના સેકટર-૮માં ગાંધીનગર સ્પોર્ટસ એકેટમીના ગ્રાઉન્ડ પર સચિવાલય પ્રિમિયર લીગ સીઝન-૨ની ફાઈનલ મેચ ઈનવિસીબલ ઈરીગેશન અને રેવન્યુ રીબેલિયન્સ વચ્ચે રમાઇ હતી જેમાં ઈનવિસીબલ ઈરીગેશન ટીમનો ૧૨ રને ભવ્ય વિજય થયો હતો. આ પ્રસંગે મેયર હિતેષ મકવાણા, ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ તેમજ શહેર ભાજપ પ્રમુખ રૂચિર ભટ્ટ, ઉપપ્રમુખ જિજ્ઞેશ પટેલ ઉપરાંત વિવિધ સરકારી વિભાગોના નાયબ સચિવો આબીદ મન્સુરી, રીનીશ ભટ્ટ, દેવાયત ભમ્મર, હિતેષ પટેલ અને ઉપ સચિવ ભવાનસિંહ પરમાર અને ધવલ શાહ તેમજ ગાંધીનગર ડ્રીસ્ટ્રીકટ ક્રિકેટ અન્ડર ૧૬ ટીમના સીલેકટર અને કોચ કાર્તિક પરમાર ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે શહેરના પૂર્વ ક્રિકેટર સ્વ. ઈમ્તિયાજ તિરમિર્ઝાના વિધવા પત્ની તથા માતૃશ્રીનું સન્માન કરવામાં આવ્યું હતું.

ફાઈનલ મેચમાં રેવન્યુ રીબેલિયન્સએ ટોસ જીતી પહેલા બોલીંગ કરવાનો નિર્ણય લેતા ઈન્વિસિબલ ઈરીગેશને ૨૦ ઓવરમાં ૪ વિકેટે ૧૨૯ રન કર્યા હતા જેમાં મુખ્ય પ્રકાશ ચૌધરીના ૩૭ બોલમાં ૪૧ રન તથા ઈમ્તીયાઝ ભગતના ૧૯ બોલમાં ૨૬ રન મહત્વના હતા. રેવન્યુ રીબેલિયન્સના પ્રિતેશ ડીંડોરે ૨૪ રનમાં બે વીકેટ લીધી હતી. જવાબમાં રેવન્યુ રીબેલિયન્સ હાર્દીક પટેલના ૩૧ બોલમાં ૩૪ રન સાથે ૧૯.૪ ઓવરમાં ૧૧૭ રનમાં ઓલ આઉટ થઈ જતાં ઈનવિસીબલ ઈરીગેશન ટીમે ૧૨ રને જીતી સતત બીજી વખત સચિવાલય પ્રિમિયર લીગમાં વિજેતા પદ મેળવ્યું હતું. ટુર્નામેન્ટમાં રાજય સરકારના વિવિધ વિભાગોની કુલ ૧૦ ટીમોએ ભાગ લીધો હતો જેમાં કુલ ૨૦ લીગ મેચ અને સેમીફાઈનલ તથા ફાઈનલ મેચ રમાઈ હતી. અમ્પાયર તરીકે બીસીસીઆઈ એ લેવલ એમ્પાયર દત્રાતેય મોઝર, ગાંધીનગર ડ્રીસ્ટ્રીકટના અમ્પાયર મનિષ વાઘ તથા પૂર્વ રણજી ટ્રોફી પ્લેયર સલીલ યાદવે સેવાઓ આપી હતી. સમગ્ર ટુર્નામેન્ટનું આયોજન મૌલિક પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું જેમને ધવલ શાહ, અલપેશ પટેલ, મૌલેષ જોષી, પ્રિતેશ ડીંડોર, પ્રતિક રાવ, પાર્થ ડોડીયા, અશોક સોનારા, વિવેક રાવલ તથા અન્ય ઘણા સભ્યોએ સાથ સહકાર આપ્યો હતો.

# ઈશ્વરે મને ઘણું આપ્યું, મારે પણ સમાજને કંઈક પાછું આપવું જોઈએ..!!

**ગાંધીનગરમાં છેલ્લાં ૨૩ વર્ષથી અવિરત યોગ નિદર્શન કરતા અશ્વિનભાઈ દવેના કોરોનાને કારણે ઓનલાઈન બનેલા વર્ગમાં ૨૩ દેશોના યોગાર્થીઓ જોડાય છે : યોગ ઉપરાંત અંતરિયાળ આદિવાસી વિસ્તારોમાં સેવાકીય પ્રવૃતિઓ સાથે તેઓ જાણીતા મોટીવેશનલ સ્પીકર પણ છે**



સંબંધ સજાવે જિંદગી
સમીર રામી

ગાંધીનગર, તા. ૯

કોરોના વાયરસ સંક્રમણના કેસોમાં ફરી એકવાર ચિંતાજનક વધારો થઈ રહ્યો છે અને સંભવતઃ આ ત્રીજી લ્હેરની શરૂઆત લાગી રહી છે. આ વખતે 'ઓમીક્રોન' નામના નવા વેરિયન્ટ સ્વરૂપ સાથે આવેલા કોવિડ અંગે નિષ્ણાંતોમાં વિવિધ મતમતાંતર જોવા મળી રહ્યાં છે પરંતુ ગાંધીનગરમાં છેલ્લા ૨૩ વર્ષથી નિયમિત નિઃશુલ્ક યોગ માર્ગદર્શન પુરૂ પાડી રહેલા ૭૧ વર્ષીય છતાંય એકદમ 'ફિટ એન્ડ ફાઈન' રહેતા અશ્વિનભાઈ દવેના મતે કોરોના મહામારીની આ છેલ્લી લહેર હશે જે એપ્રિલ સુધીમાં સમી જશે અને આ લહેર અગાઉ જેટલી ઘાતક નહીં હોય તેથી તેમાં મૃત્યુઆંક નીચો રહેશે. સૌના મનને ગમી જાય તેવી વાત કહેનારા અશ્વિનભાઈ દવે ગૃહ વિભાગના ડેપ્યુટી સચિવ પદેથી નિવૃત થયાં બાદ તાજેતરમાં ચર્ચાસ્પદ બનેલા ગૌણ સેવા પસંદગી મંડળ સહિત અન્ય કેટલાંક ભરતી બોર્ડમાં સભ્ય તરીકે સેવાઓ આપી ચુક્યાં છે અને યોગ માર્ગદર્શન ઉપરાંત અંતરિયાળ આદિવાસી વિસ્તારોના જરૂરિયાતમંદોને પણ મદદરૂપ બની રહ્યાં છે.

સુરેન્દ્રનગર જિલ્લાના લીમડીમાં જન્મેલા અશ્વિનભાઈ દવેએ બીએસસી કર્યા પછી નેચરોપેથીમાં ડિપ્લોમાં કર્યો છે અને વર્ષ-૧૯૭૮માં સચિવાલય ખાતે સરકારી નોકરી મળતાં ગાંધીનગર સ્થાયી થયા હતા. ગૃહ વિભાગના ડેપ્યુટી સેક્રેટરી પદેથી નિવૃત થતાં અગાઉ તેમણે રાજ્ય સરકારના તત્કાલીન ગૃહમંત્રી અમિત શાહના અંગત સચિવ તરીકે પણ સેવાઓ આપી હતી. જોકે ૧૯૯૮માં ઋષિકેશના શિવાનંદ સ્વામીથી પ્રભાવિત થઈ તેમને ગુરૂ તરીકે સ્વીકારનાર અશ્વિનભાઈએ દિવ્ય જીવન સંઘમાં જોડાયાં બાદ ૧૯૯૯માં વર્ષનો પહેલો દિવસ એટલે કે પહેલી જાન્યુઆરી જે તેમનો જન્મ દિવસ પણ છે ત્યારથી ગાંધીનગરમાં શરૂ કરેલા યોગના વર્ગો આજે પણ કોરોના મહામારીમાં છેલ્લાં દોઢ વર્ષથી ઓનલાઈન સ્વરૂપે અવિરત ચાલુ રહ્યાં છે. જે સમયે યોગ-પ્રાણાયામ વગેરેથી સામાન્ય વ્યક્તિઓ ખૂબ દૂર હતા તેવા સમયે તેમણે શરૂ કરેલા વર્ગોમાં ગુજરાત સરકારના અનેક આઈએએસ સનદી અધિકારીઓથી માંડીને આઈપીએસ અધિકારીઓ તથા અન્ય કર્મચારીઓ-સામાન્ય નાગરિકો લાભ લઈ ચુક્યાં છે. તેમના યોગ વર્ગો માટે શહેરના સેક્ટર-૧ ખાતેના ગાયત્રી મંદિર દ્વારા તેમનો હોલ નિઃશુલ્ક વાપરવા આપ્યો ત્યારથી આ યોગ વર્ગો સતત ત્યાં ચાલુ હતા જે કોરોના લોકડાઉનથી ઓનલાઈન સ્વરૂપે ચાલી રહ્યાં છે. તેમના યોગ વર્ગોમાં શરૂઆતમાં ૨૦-૨૫ યોગાર્થીઓ આવતા હતા અને જ્યારે કોઈ સંસ્થા જોડાય ત્યારે સંખ્યા ૧૫૦-૨૦૦ સુધી પણ પહોંચે. તેમણે કરાઈ પોલીસ ટ્રેનિંગ એકેડેમી, સીબીઆઈ ઓફિસ ઉપરાંત અનેક શૈક્ષણિક સંકુલો અને સ્વૈચ્છિક સંગઠનો તથા સામાજિક સંસ્થાઓને પણ યોગ નિદર્શનની સેવાઓ પુરી પાડી છે. ગૃહ વિભાગની કચેરીમાં ક્યારેક દિવસનું ૧૨ થી ૧૪ કલાક કામ કર્યુ હોય છતાંય તેઓ બીજા દિવસે સવારે નિયત સમયે હાજર જ હોય. એકવાર તો રાજપૂત સમાજ ભવને યોગ શિબિર હતી અને સવારે રસ્તો પણ ના દેખાય તેવો વરસાદ હતો ત્યારે નિવૃત જજ ડી.ટી. સોનીનો ફોન આવ્યો કે હું પહોંચી ગયો છું ત્યારે અશ્વિનભાઈએ પણ સ્થળ પર પહોંચી બે યોગાર્થી સાથે વર્ગ ચલાવ્યાં હતા. તેમના યોગ-પ્રાણાયામથી અનેક યોગાર્થીઓને બીપી, ડાયાબીટીશ, ઘુંટણ-કમરના દર્દ વગેરેમાં રાહત મળી છે એટલું જ નહી એકવાર તો સરકારના વર્ગ-૧ના એક આયુર્વેદ તબીબ જેઓ ખુબ ડિપ્રેશનમાં હતા અને તેમના વર્ગમાં જોડાયાં પછી ત્રણેક માસમાં જ સંપૂર્ણ સાજા થઈ જવા પામ્યાં હતા.



પ્રસિદ્ધિ વિનાની મૂક સેવા જેમનો સિદ્ધાંત છે તેવા અશ્વિનભાઈ પહેલેથી સેવાભાવી હતા. સુરતમાં આવેલા પુર દરમ્યાન તેમણે ઓફિસ સ્ટાફની મદદથી મોટુ રાહતફંડ ઉઘરાવ્યુ હતુ જેની સામગ્રી લઈને સુરત જવા નીકળેલા ભાઈ અડધેથી પાછા આવ્યાં અને કહ્યું કે ત્યાં જઈ શકાય તેવી સ્થિતિ જ નથી ત્યારે અશ્વિનભાઈએ તે વખતના ઈડરના ચીફ ઓફિસર પાંચાભાઈ માળીનો સંપર્ક કર્યો અને તેમની સલાહથી વિજયનગર પોળો વિસ્તારના અંતરિયાળ ગામોમાં જઈને સામગ્રી વિતરણ કર્યુ હતુ. આ દરમ્યાન તેમણે કોથાડી તરીકે જાણીતા શ્રમિક આદિવાસીઓની સ્થિતિ જોઈએ તેમને નિયમિત મદદરૂપ થવાનો નિર્ધાર કર્યો અને તે વિસ્તારના ત્રણ ગામો બદરખા, વણધ્રોલ અને આંતરસુંબાને દત્તક લઈને આજ સુધી નિયમિત વર્ષમાં ત્રણ થી ચારવાર જરૂરી ચીજવસ્તુઓ પુરી પાડવાની સેવા આપી રહ્યા છે જેમાં ધાબળાં, અનાજ, પગરખાં, કપડા, વાસણ સહિત દિવાળીમાં મિઠાઈ અને ચોમાસામાં ઝુંપડા પર ઢાંકવા મોટા પ્લાસ્ટિકના મીણીયા સુદ્ધાં પુરા પાડે છે. એકવાર તો આ આદિવાસી મહિલાઓ માટે કપડાં-લત્તાની મોઘી ૫૦૦ કીટ બનાવી વિતરણ કરી વધેલી કીટ સાથે પરત ફરતાં રસ્તામાં એક કંગાળ મહિલાને જોઈ તેને કીટ આપવા ગયા ત્યારે પેલી મહિલાએ કીધું કે 'મને તો કીટ મળી ગઈ છે' ત્યારે આ મહિલાની પ્રમાણિકતાથી પ્રભાવિત થઈને બીજી કીટ લઈ લેવા આગ્રહ કર્યો પરંતુ પેલી મહિલાએ તે કીટ લીધી જ નહી. અશ્વિનભાઈ દવે સાથે તેમના ધર્મપત્નિ કાનનબેન પણ એટલા જ સેવાવૃત્તિ વાળા છે. તેઓ દર વર્ષે એકવાર પોતાના સે. ૭ના અડોશ-પડોશના ઘરઘાટી કર્મચારીઓનો પોતાના ઘરે જમણવાર યોજીને તેમને પીરસવાનું કાર્ય પણ જાતે કરે છે. એકવાર પોતાના ઘરે ધાર્મિક પ્રસંગ તેમણે પોતાના ઘરે રસોઈકામ કરતા આદિવાસી મહિલા બીનાબેન અને ઘરકામ કરતી યુવતી ટીનીનું બધા મહેમાનોની હાજરીમાં સાસુ-વહુએ મળીને શાલ ઓઢાડી સન્માન કરતાં મહેમાનોએ પાંચ મિનિટ સુધી અવિરત તાળીઓ વગાડી હતી.

નિયમિત યોગ પ્રાણાયામના કારણે ૬૯ વર્ષની ઉંમરે કૈલાસ માનસરોવરથી ૧૬ હજાર ફૂટ ઉંચાઈ પરની ૨૮ કિમીની પરિક્રમા વિના વિઘ્ને પુરી કરનાર અશ્વિનભાઈ દવેને બાળકો ખૂબ પ્રિય છે અને તેમના માટે અવનવી રમતો રમાડવાનું આયોજન કરતા રહે છે. આ ઉપરાંત તેઓ મોટીવેશનલ સ્પીકર તરીકે પણ અનેક સંસ્થાઓમાં વિના મૂલ્યે સેવા આપે છે. પૂર્વ રાજ્યપાલ ઓ.પી. કોહલીને પણ બે વર્ષ સુધી યોગ નિદર્શન આપનાર અશ્વિનભાઈનો ઉદ્દેશ એક જ છે કે નાગરિકોમાં શારિરીક, માનસિક અને આરોગ્ય અંગે સજાગતા કેળવાય અને તેમના ઓનલાઈન યોગવર્ગોમાં ૨૩ દેશોના કુલ ૧૯૬૩ નોંધાયેલા યોગાર્થીઓ ઉપરાંત અસંખ્ય યોગાર્થીઓનો સમાવેશ થાય છે.

**પ્રતિભાવો આવકાર્ય**

Samirtalod@gmil.com

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- **સ્વ. જૈન કંચનબેન બાબુલાલ,** ઉ.વ. ૭૦ - ચિલોડા
- **સ્વ. આચાર્ય જ્યોત્સનાબેન ગૌતમભાઈ,** ઉ.વ. ૮૦ - ગાંધીનગર
- **સ્વ. ભાવસાર મુકેશભાઈ ચીનબુભાઈ,** ઉ.વ. ૬૮ - જીઈબી
- **સ્વ. સોલંકી કમલેશ રેવાજી,** ઉ.વ. ૩૧ - આલમપુર
- **સ્વ. ટંડલ કનૈયાલાલ જગલુ,** ઉ.વ. ૬૦ - અડાલજ
- **સ્વ. ગોર મંજુલાબેન વસંતલાલ,** ઉ.વ. ૭૪ - તલોદ